રજુ તારીખ :: ૦૧–૦૩–૨૦૦૬
દાખલ તારીખ :: ૦૧–૦૩–૨૦૦૬
નિકાલ તારીખ :: ૨૫–૦૧–૨૦૧૬
અવધિ :: વર્ષ–માસ–દિવસ
૦૯ – ૧૦ – ૨૪

ગણદેવીનાં મે. એડીશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં,
મુકામ–ગણદેવી.

**રેગ્યુલર દિવાની મુકદ્દમા નં. :: ૧૬/૨૦૦૬**
**આંક ::**

**વાદીઓ ::–**

**(૧) ઠાકોરભાઈ દુલ્લભભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૬૩,ધંધો–ખેતી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**(૨) ઝવેરભાઈ દુલ્લભભાઈ મિસ્ત્રીનાં વારસો –**

**૨/૧. અશોકભાઈ ઝવેરભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૫, ધંધો–નોકરી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**૨/૨. મહેશભાઈ ઝવેરભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૨, ધંધો–નોકરી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**૨/૩. મહેન્દ્રભાઈ ઝવેરભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૨, ધંધો–વેપાર,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**૨/૪. ભારતીબેન ઝવેરભાઈ લાડ તે**
**ઠાકોરભાઈ મગનભાઈ મિસ્ત્રીની ધણીયાણી**
ઉ.આ.વ.–૪૪, ધંધો–નોકરી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**૨/૫. નયનાબેન ઝવેરભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૫૪, ધંધો–કંઈ નહિં,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**(૩) ઘેલાભાઈ દુલ્લભભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૭૨,ધંધો–નિવૃત્તિ,
મૂળ રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.
હાલ રહે–૪૨, વીલ સ્ટ્રીટ, બીલસ્ટન સ્ડાફ,
ડબલ્યુવી/૧૪૦, એચન. યુ.કે., ઈંગ્લેન્ડ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ ::–** **(૧) લક્ષ્મીબેન તે છનાભાઈ લાલાભાઈ મિસ્ત્રીની વિધવા**
ઉ.આ.વ.–૬૫, ધંધો–ઘરકામ,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**(૨) પ્રવિણભાઈ છનાભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૬, ધંધો–ખેતી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**(૩) જયંતિભાઈ છનાભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૩, ધંધો–ખેતી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

**(૪) રમેશભાઈ છનાભાઈ મિસ્ત્રી**
ઉ.આ.વ.–૪૦, ધંધો–ખેતી,
રહેવાસી–કુંભારવાડ, ગણદેવા,
તા.ગણદેવી, જિ.નવસારી.

વાદીઓ તરફે વિ.વ.શ્રી વિ.એલ.પાનાવાલા
પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી આર.જે.દેસાઈ

દાવો :: ખેતીની જમીનની સ્થાવર મિલકતની વહેંચણી માટેનો.

## // ચુ કા દો //

**૧..** વાદીઓનાં દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓ સગા ભાઈઓ છે અને વાદી નં.૨ તથા ૩ નાં પરદેશમાં ઈંગ્લેન્ડ મુકામે રહેતા આવેલા છે અને વાદી નં.૨ અને ૩ નાંએ વાદી નં.૧ ને કુલમુખત્યારનામું આપેલ છે. જયારે પ્રતિવાદીઓ છનાભાઈ લાલભાઈ મિસ્ત્રીનાં કાયદેસરનાં વારસદારો અને પ્રતિનિધિઓ ચાલી આવેલા છે. વાદીઓ તથા પ્રતિવાદીઓ કુટુંબીઓ છે. છનાભાઈ લાલભાઈ મિસ્ત્રી સને ૧૯૭૭ નાં અરસામાં અવસાન પામેલા છે.

**૨..** વાદીઓ તથા પ્રતિવાદીઓની સંયુકત માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટા વહીવટની શીડયુલ–અ માં જણાવેલ દાવાવાળી મિલકત મોજે મટવાડ, તા.ગણદેવીનાં ખાતા નં.૭૫, બ્લોક નં.૨૧૭, ૧–૧૮–૩૭ હે.આરે.પ્રતિઆરે, આકાર રૂા. ૬–૪૪ પૈસાવાળી જરાખત ખેતીની જમીન ચાલી આવેલી છે.વાદીઓનાં પિતાશ્રી દુલ્લભભાઈ હરીભાઈ મિસ્ત્રી તા. ૧૫/૦૯/૧૯૭૭ નાં અરસામાં અવસાન પામેલા છે અને વાદીઓ તેમનાં કાયદેસરનાં વારસો અને પ્રતિનિધિઓ ચાલી આવેલા છે. દાવાવાળી મિલકત વાદીઓને તેમનાં મરહુમ પિતાશ્રી દુલ્લભભાઈ હરીભાઈ મિસ્ત્રી તરફથી તથા પ્રતિવાદીઓને તેમનાં મરહુમ પિતાશ્રી છનાભાઈ લાલભાઈ મિસ્ત્રી તરફથી વારસાઈ હકકે મળેલ છે. આમ,દાવાવાળી મિલકત વાદીઓ તથા પ્રતિવાદીઓનાં મરહુમ પિતાશ્રી છનાભાઈ લાલભાઈ મિસ્ત્રીનાં નામે સંયુકત માલિક પ્રત્યક્ષ કબજેદાર તરીકે રેવન્યુ દફતરે ચાલી આવેલ છે. આમ, દાવાવાળી મિલકતમાં વાદીઓનો અડધો હિસ્સો વણવહેચાયેલો ચાલી આવેલો છે. આ કામનાં પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસર, ગેરહકકે ગઈ સીઝનમાં શેરડીનો પાક લીધેલો છે અને તેનાં નાણાં વાદીઓને ચુકવી આપેલા નથી અને પ્રતિવાદીઓ વિનાં કારણે વાદી નં.૧ સાથે ખોટો ઝઘડો કરતા આવેલા છે. જેથી વાદીએ તા. ૨૮/૧૨/૨૦૦૫ નાં રોજ દાવાવાળી મિલકતમાંથી વાદીઓનો વણવહેંચાયેલો અડધો હિસ્સો છુટો પાડી આપવા માટે એડવોકેટશ્રી મારફત પ્રતિવાદીઓને નોટિસ આપેલી, જે નોટિસ પ્રતિવાદીઓને મળવા છતાં કોઈ જવાબ આપેલ નથી કે નોટિસ મુજબનું વર્તન કરેલ નથી. ત્યાર બાદ વાદી તા. ૧૨/૦૨/૨૦૦૬ નાં રોજ પ્રતિવાદીઓને ગણદેવા મુકામે મળેલા અને દાવાવાળી મિલકતમાંથી અડધો હિસ્સો હદહુદથી છુટો પાડી આપવા જણાવેલું,

ત્યારે પ્રતિવાદીઓએ જણાવેલ કે, તમારો મિલકતમાં કોઈ હકક હિસ્સો નથી અને હિસ્સો આપવાના નથી તમારાથી થાય તે કરી લો અને મિલકત વેચી નાંખવાના છે અને મિલકત ઉપર ધિરાણ લઈને તમને હેરાન કરીશું. ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે . જેથી વાદીઓએ, દાવાવાળી શીડયુલ–અ વાળી મોજે મટવાડ, તા.ગણદેવીનાં ખાતા નં.૭૫, બ્લોક નં.૨૧૭, ૧–૧૮–૩૭ હે.આરે.પ્રતિઆરે, આકાર રૂા. ૬–૪૪ પૈસાવાળી ખેતીની જમીનમાંનો વાદીઓનો અડધો હિસ્સો હદહુદથી અલગ છુટો પાડી વાદીઓને પ્રત્યક્ષ કબજે માલિક તરીકે આપવાનું વિભાજનનું હુકમનામું મેળવવા માટે હાલનો દાવો દાખલ કરેલો છે.

૩.. આ કામે પ્રતિવાદીઓને વાદીઓનાં દાવાનો સમન્સ/નોટિસ કાઢવામાં આવેલ. જે સમન્સ/નોટિસ બજી જતાં, પ્રતિવાદીઓએ તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઈ, આંક–૧૬ થી દાવાનો જવાબ રજુ રાખેલ છે અને સ્પષ્ટપણે સ્વીકાર્યા સિવાયની તમામ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી, કબુલ નથી અને કાયદામાં કે હકીકતમાં ટકી શકે તેમ નથી, જેથી પ્રથમ દર્શને રદ થવાને પાત્ર છે. વાદીનાં દાવાને ડીલે લેચીઝ અને એસ્ટોપલનાં સિદ્ધાંતનો બાધ નડે છે. દાવાવાળી મિલકતનો કબજો વહીવટ સને ૧૯૨૭ નાં અરસાથી અને ત્યાર બાદ થઈ આવેલ સને ૧૯૩૭–૩૮ ના જાહેરાતથી કાયદેસરનાં માલિક કબજેદાર તરીકે પ્રતિવાદીઓનાં પુર્વજ અને ત્યાર બાદ પ્રતિવાદીઓનો ચાલી આવેલ હતો અને છે. ખરી હકીકતમાં પક્ષકારોનાં મૂળ પુરૂષ હરીભાઈ ગોવનભાઈ મિસ્ત્રીનાંઓ હતા અને તેઓ દાવાવાળી મિલકત સિવાય અન્ય ખેતીની તથા રહેણાંકની મિલકતો ધરાવતા આવેલા હતા અને તેમનાં પુત્રો લાલાભાઈ હરીભાઈ, દુર્લભભાઈ હરીભાઈ, પરભુભાઈ હરીભાઈ, કલ્યાણભાઈ હરીભાઈ, અને દેવાભાઈ હરીભાઈ નાંઓ હતા. સને ૧૯૨૭ ના અરસામાં લાલાભાઈ હરીભાઈ મિસ્ત્રી અને દુર્લભભાઈ હરીભાઈ મિસ્ત્રી બંને સગા ભાઈઓ હતા જે પૈકી લાલાભાઈ મોટા હતા અને દુર્લભભાઈની કોઈ સ્વતંત્ર આવક ન હતી. જયારે લાલાભાઈ ખેતી તથા વેપાર કરી સારી આવક ધરાવતા હતા અને તે કારણે દાવાવાળી મિલકત ખરીદ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતા અને દુર્લભભાઈ પાસે નાણાં ન હોવાથી,

લાલાભાઈને વિનંતી કરતા તમામ વેચાણ અવેજની રકમ લાલાભાઈએ ચુકવેલ અને તે વખતે થયેલ શરત મુજબ અડધા હિસ્સાની રકમ દુર્લભભાઈએ લાલાભાઈને આપવાની થતી હતી અને તેમ થયે તેઓ ખરીદ કરેલ મિલકતનાં અડધા હિસ્સેદાર તરીકે ગણવાના થતા હતા. દુર્લભભાઈએ અડધા હિસ્સાની રકમ આપવા સંમતિ બતાવેલી અને ત્યાર બાદ દસેક વર્ષ બાદ દુર્લભભાઈથી અડધા હિસ્સાની રકમ અદા થઈ શકે તેમ ન હોવાથી પોતાનો હિસ્સો જતો કરેલો અને દાવાવાળી મિલકતનાં લાલાભાઈ એકમાત્ર સંપૂર્ણ કાયદેસરનાં માલિક છે તેવી જાણ કરેલી અને તે કારણે ૧૯૩૮ બાદ સતત એકધારી રીતે અને દુર્લભભાઈ કે અન્ય કોઈનાં પણ કોઈપણ પ્રકારની હરકત, દખલ કે અટકાવ વિનાં દાવાવાળી મિલકતનો કબજો વહીવટ કાયદેસરનાં માલિક કબજેદાર તરીકે લાલાભાઈ મિસ્ત્રીનો અને તેમનાં અવસાન બાદ છનાભાઈ મિસ્ત્રીનો અને તેઓનાં અવસાન બાદ પ્રતિવાદીઓનો તમામની જાણમાં ચાલી આવેલ હતો અને છે. હરીભાઈ ગોવનભાઈ મિસ્ત્રીનાં પાંચ પુત્રો પણ યથાપ્રસંગે તેમની કૌટુંબિક વણવહેંચાયેલ મિલકતો અંગે વહેંચણ કરી જે તે શાખાએ પોતાનાં કબજે માલિક તરીકે લીધેલ હતી અને છે અને આજરોજ પણ તેવો કબજો વહીવટ મોજે ગણદેવા તથા અન્ય સ્થળોએ ચાલી આવેલ હતો અને છે અને તે રીતે પણ પાંચેય શાખાઓ વચ્ચે આજ તારીખે મિલકતોનાં વહેંચણ બાબતે કોઈ તકરાર ઉપસ્થિત થયેલ ન હતી અને નથી. આ પાંચેય શાખા વચ્ચેનું વહેંચણ સને ૧૯૨૦ નાં અરસામાં થવા પામેલ અને તે દિનથી વહેંચણરૂપે પ્રાપ્ત થયેલ મિલકત જે તે શાખાનાં કબજે ચાલી આવેલ હતી અને છે. દુર્લભભાઈએ ૧૯૩૭ થી ૧૯૭૭ દરમ્યાન એટલે કે તેમની હયાતી દરમ્યાન કદીપણ દાવાવાળી મિલકત અંગે તેમનાં કહેવાતા હકકો અંગે કોઈ કાર્યવાહી કરેલી નથી કે કોઈ દિવાની પ્રકરણ પણ કરેલ નથી અને દુર્લભભાઈએ સને ૧૯૭૫ ના અરસામાં છનાભાઈ મિસ્ત્રી વિરૂઘ્ધ ગણદેવા ખાતે આવેલ મિલકતો અંગેનાં દિવાની હકકો બાબતે દિવાનો મુકદ્દમો દાખલ કરેલો અને હાલનાં વાદીઓએ પણ હાલનો દાવો દાખલ કર્યો તે અગાઉ કદીપણ દાવાવાળી મિલકત બાબતે કોઈ કાર્યવાહી કરેલ નથી કે પ્રતિવાદીઓનાં ચાલી આવેલ માલિકી કબજાને પડકારેલ

નથી. ખરી હકીકતમાં પ્રતિવાદીઓ ગણદેવા મુકામે રહેણાંકનું મકાન તેમની મિલકતમાં બનાવી રહેલ છે અને વાદી નં.૧ નાં ખોટા ખોટા ઝઘડા બેઠા કરી મકાનનાં બાંધકામ બાબતે અડચણ ઉભી કરેલ અને જેનું સમાધાન ગણદેવી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલું. આ તમામ કારણોથી નારાજ થઈને વાદીએ હાલનો ખોટો દાવો કરેલો છે જે રદ થવાને પાત્ર છે. દાવાવાળી મિલકત સાથે વાદીઓને કાંઈ લાગતુ વળગતુ નથી, માત્ર ટેકિનકલ કારણોસર વાદીઓનું નામ રેવન્યુ દફતરે દાવાવાળી મિલકતમાં ચાલુ રહેલ છે. વાદીએ કારણ વિનાંનો દાવો કરેલો છે. તા. ૧૨/૨/૨૦૦૬ નાં રોજ વાદી જણાવે છે તેવો કોઈ જ બનાવ બનેલ નથી અને વાદીઓનાં દાવાને મુદતનો બાધ નડે છે.

**૩.૧..** વધુમાં પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો રેવન્યુ રેકર્ડ ઉપર આધાર રાખીને કરેલ છે અને રેવન્યુ રેકર્ડ જોતાં મટવાડનાં બ્લોક નં.૨૧૭ ની મિલકત જણાવેલ છે. ૨૧૭ ની સાત બાર જોતાં તેમાં નોંધ નં. ૭૮૪, ૧૦૨૫, ૧૦૩૦ નો સંદર્ભ છે અને તે પૈકીની ૧૦૩૦ ની એન્ટ્રીથી વાદીનાં નામ વારસદાર તરીકે દાખલ થયેલ છે જયારે નોંધ નં.૧૦૨૫ એકત્રીકરણ અંગેની નોધ છે. જયારે નોંધ નં.૭૮૪, તા.૧૬/૦૯/૭૦ નાં રોજ વહેંચણ અંગેની પાડવામાં આવેલી નોંધ છે. અને જેમાં ફેરફાર થયેલ સર્વે નં. ૧૨૪/૨ દર્શાવેલ છે અને તે હકીકતમાં બ્લોક નં.૨૧૭ કે જેમાં કયા સર્વે નંબરનો સમાવેશ થાય છે તે મહત્વની હકીકતો છે અને વાદીઓ માલિક તરીકે કઈ રીતે આવેલ છે તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી અને રેવન્યુ નોંધથી ટાઈટલ નકકી થતાં નથી અને રેવન્યુ નોંધ ફકત ફિસકલ પરપઝ પુરતી નોંધ છે અને તે હકીકતમાં પણ વાદીએ મરહુમ દુર્લભભાઈએ મજકુરની મિલકત કેવી રીતે પ્રાપ્ત કરેલ છે તે અંગેનાં કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા નથી, જેથી વાદીનાં માલિકી હકકો અંગેની રજુઆત ગ્રાહ્ય રાખવાને પાત્ર નથી. વધુમાં નોંધ નં.૧૦૩૦ થી સર્વે નં.૧૨૪/૧ અને ૧૨૪/૪ ની વારસાઈ અંગેનાં છે અને સર્વે નં.૧૨૪/૪ મારગનાં ખરાબા તરીકે ચાલતી મિલકત છે અને તે દોલતરાય વસનજીનાં નામે ચાલતી મિલકત છે અને તે કારણે પણ રેવન્યુ નોંધની વિશ્વસનીયતા નકકી કરવાની રહે છે. અને તેવી નોંધ આધારે કરવામાં આવેલ

દાવો રદ થવાને પાત્ર છે. જેથી વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

**૪..** આ દાવાનાં નિર્ણય માટે અગાઉનાં પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજશ્રીએ આંક–૨૮ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

1. Whether plaintiffs prove that suit property mentioned in schedule is an ancestral property and plaintiffs have 1/2 share in the said property?
2. Whether the plaintiffs are entitle for partition of the suit property mentioned in schedule?
3. Whether the plaintiffs are entitle for 1/2 shares in the suit property?
4. Whether the suit is barred by law of limitation?
5. Whether the suit is barred by Delay-Laches and Estopple?
6. Whether defendants prove that they are in physical possession of the suit land since 1937-38?
7. Whether defendants prove that the suit property was in sole ownership of Lallubhai Haribhai Mistri?
8. What Order and Decree?

**૫..** ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) નકારમાં

(૫) નકારમાં

(૬) નકારમાં

(૭) નકારમાં

(૮) આખરી હુકમ મુજબ

**૬..** વાદીઓ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૩ | વાદી ઠાકોરભાઈ દુલ્લભભાઈ મિસ્ત્રીની સોગંદનામાથી જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૭ | મટવાડ ગામનાં ખાતા નં.૭૫ ની ગામ નમુના નં.૮/અ ની નકલ. |
| ૨ | ૩૮ | મટવાડ ગામનાં બ્લોક નં.૨૧૭ ની ગામ નમુના નં.૭/૧૨ ની નકલ. |
| ૩ | ૩૯ | વાદીએ પ્રતિવાદીઓને આપેલ નોટિસની સ્થળપ્રત. |
| ૪ | ૪૦ | પ્રતિવાદી ન.૧ ને નોટિસ મળ્યાની રજી.એડી.ની પહોચ. |
| ૫ | ૪૧ | પ્રતિવાદી ન.૨ ને નોટિસ મળ્યાની રજી.એડી.ની પહોચ. |
| ૬ | ૪૨ | પ્રતિવાદી ન.૩ ને નોટિસ મળ્યાની રજી.એડી.ની પહોચ. |
| ૭ | ૪૩ | પ્રતિવાદી ન.૪ ને નોટિસ મળ્યાની રજી.એડી.ની પહોચ. |
| ૮ | ૪૪ | દાવાવાળી જમીનનું મહેસુલ ભર્યાની પહોંચ. |
| ૯ | ૪૫. | દાવાવાળી જમીનનું શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ. |
| ૧૦ | ૪૬ | દાવાવાળી જમીનનું મહેસુલ–ઉપકર ભર્યાની પહોંચ. |
| ૧૧ | ૪૭ | કુલમુખત્યારનામાની નકલ. |
| ૧૨ | ૪૮ | મટવાડ ગામનાં બ્લોક નં.૨૧૭ ની એકત્રીકરણનાં તખ્તાની નકલ. |
| ૧૩ | ૪૯ | દાવાવાળી ખાતા નં.૭૫ નું જમીન મહેસુલ ભર્યાની જુદી જુદી |

| | | |
|---|---|---|
| | થી ૭૧ | તારીખની પાવતીઓ. |
| ૧૪ | ૭૨ થી ૯૨ | દાવાવાળી ખાતા નં.૭૫ નું શિક્ષણ ઉપકર ભર્યાની જુદી જુદી તારીખની પાવતીઓ. |
| ૧૫ | ૯૩ થી ૧૦૫ | દાવાવાળી ખાતા નં.૭૫ નું જમીન મહેસુલ ઉપરનો ઉપકર ભર્યાની જુદી જુદી તારીખની પાવતીઓ. |
| ૧૬ | ૧૦૬ | ઘેલાભાઈ દુર્લભભાઈએ વાદીને આપેલ પાવર ઓફ એટર્નીની નકલ. |
| ૧૭ | ૧૦૭ | દાવાવાળી જમીનનું મહેસુલ ભર્યાની પાવતી. |
| ૧૮ | ૧૦૮ | દાવાવાળી જમીનનું મહેસુલ ભર્યાની પાવતી. |
| ૧૯ | ૧૦૯ | દાવાવાળી જમીનનું શિક્ષણ ઉપકર ભર્યાની પાવતી. |
| ૨૦ | ૧૧૦ | દાવાવાળી જમીનનું શિક્ષણ ઉપકર ભર્યાની પાવતી. |
| ૨૧ | ૧૧૧ | દાવાવાળી જમીનનું મહેસુલ ભર્યાની પાવતી. |
| ૨૨ | ૧૧૨ | દાવાવાળી જમીનનું મહેસુલ ભર્યાની પાવતી. |
| ૨૩ | ૧૧૪ | ઝવેરભાઈ દુલ્લભભાઈનો મરણનો દાખલો. |
| ૨૪ | ૧૩૦ | વાદી તરફે કલોઝીગ પુરશીશ. |

૭.. પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩૭ | પ્રતિવાદી નં.૩ જયંતિભાઈ છનાભાઈની સોગંદનામાથી જુબાની. |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩૮ | મટવાડ ગામની નોંધ નં.૭૮૪, ૬૩૬, ૧૦૩૦ ની નકલ. |
| ૨ | ૧૩૯ | મટવાડ ગામની નોંધ નં.૧૦૨૫ ની નકલ. |
| ૩ | ૧૪૦ થી ૧૪૪ | સર્વે નં. ૧૨૪/૧ ની સાત બારની જુદા જુદા વર્ષની નકલ. |
| ૪ | ૧૪૫ અને | સર્વે નં. ૧૨૪/૨ ની સાત બારની જુદા જુદા વર્ષની નકલ. |

| | | |
|---|---|---|
| | ૧૪૬ | |
| ૫ | ૧૪૭ | મટવાડ ગામનાં તલાટીએ આપેલ દાખલો. |
| ૬ | ૧૪૮ | મટવાડની નોંધ નં.૧૧૮ ની ખરી નકલ. |
| ૭ | ૧૪૯ અને ૧૫૦ | શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ. |
| ૮ | ૧૫૧ થી ૧૫૪ | જમીન મહેસુલ ભર્યાની પહોંચ. |
| ૯ | ૧૫૫ | શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ. |
| ૧૦ | ૧૫૬ | જમીન મહેસુલ ઉપકર ભર્યાની પહોચ. |
| ૧૧ | ૧૫૭ | શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ. |
| ૧૨ | ૧૫૮ | જમીન મહેસુલ ભર્યાની પહોંચ. |
| ૧૩ | ૧૫૯ | જમીન મહેસુલ ભર્યાની પહોંચ. |
| ૧૪ | ૧૬૦ | જમીન મહેસુલ ઉપકર ભર્યાની પહોચ. |
| ૧૫ | ૧૬૧ | શિક્ષણ ઉપકર ભર્યાની પહોંચ. |
| ૧૬ | ૧૬૨ થી ૧૬૪ | જમીન મહેસુલ ભર્યાની પહોંચ. |
| ૧૭ | ૧૬૫ થી ૧૬૭ | ઈરીગેશન શેષની જુદી જુદી તારીખની રસીદ. |
| ૧૮ | ૧૯૭ | પ્રતિવાદી તરફે કલોઝીગ પુરશીશ. |

૮.. પક્ષકારોનાં પુરાવા પુરા થયા બાદ, વાદીઓ તરફે વિ.વ.શ્રીની વિ.એ.પાનવાલા તથા પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી આર.જે.દેસાઈની દલીલો સાંભળવામાં આવેલ છે. જેની ચર્ચા મુદ્દાના નિર્ણયના કારણોમાં યથાયોગ્ય સ્થાને કરવામાં આવેલ છે.

## :: કા ર ણો ::

**મુદ્દા નંબર – ૧ :–**

૯.. આ મુદ્દો જોતા તે પુરાવાની કાયદાની કલમ મુજબ સાબિત કરવાનો બોજો વાદી ઉપર છે જેથી આ મુદ્દો સાબિત કરવા માટે વાદી તર્ફે રજુ પુરાવો જોવામા આવે તો વાદીએ પોતાની દાવા અરજીમા દાવાવાળી મિલકત આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓની સંપૂર્ણ સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટા વહીવટની વડીલોપાર્જિત ખેતીની જમીન ચાલી આવેલી હોવાનુ જણાવે છે. તેમજ દાવાવાળી મિલકતમાં વાદીઓનો વણવહેંચાયેલો અડધો એટલે ૧/૨ હિસ્સો ચાલી આવેલ હોવાનુ જણાવે છે. અને આ હકીકતે વાદીએ પોતાની આંક –૩૩ ની જુબાનીમાં સરતપાસ માં વળગી રહે છે. તેમજ તે સિવાય વધુમાં જણાવે છે કે, દાવાવાળી મિલકત બ્લોક નંબર–૨૧૭ વાળી ખેતીની જમીનનો મૂળ સર્વે નંબર–૧૨૪ પૈકી ચાલી આવેલો જે સર્વે નંબર –૧૨૪ પૈકીવાળી જમીન પક્ષકારોના વડવાઓ લાલા હરી (એટલે કે વાદીઓના પિતા) તથા દુર્લભ હરીએ (એટલે કે પ્રતિવાદીઓના દાદા) જોગી ગાંડા તથા આ ભીખા ગાંડા, લલ્લુ ગાંડા પાસેથી તા.૧૧/૦૭/૧૯૨૭ ના રોજ વેચાણ રાખેલી છે. જે મટવાડ ગામે જમીન ખેતીની જમીનનુ એકત્રીકરણ થતા ખાતા નંબર–૭૫, બ્લોક નંબર–૨૧૭ જેનુ કુલ ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૧–૧૨–૩૭ છે અને જેમાં માલીક તરીકે છનાભાઈ લાલાભાઈ તથા દુર્લભભાઈ હરીભાઈનુ નામ એકત્રીકરણના તખ્તામા કાયદેસરના માલીક કબજેદાર તરીકે લખવામા આવેલુ છે. વધુમાં ઉપર જણાવ્યા મુજબ લાલા હરી તથા દુર્લભ હરીએ દાવાવાળી ખેતીની જમીન વેચાણ તા.૫/૯/૧૯૨૭ ના રોજ વેચાણ રાખેલી જે બાબતે મટવાડ ગામે ગામ નમૂના નંબર–૬ હકકપત્રકમાં ફેરફાર નોંધ નંબર–૧૧૨ પાડવામાં આવેલી છે જે ફેરફાર નોંધ પ્રમાણિત પણ થયેલી છે. પરંતુ પ્રતિવાદીનુ એવુ કથન છે કે વાદીએ આ હકીકત તેમની દાવા અરજીમાં જણાવેલ નથી અને દાવા અરજી થી વિશેષ વધારાની હકીકત વાદીની જુબાની માં સરતપાસ ના સોંગદનામા માંથી રેકર્ડ ઉપર આવે છે. જેથી આ હકીકત ધ્યાને લઈ શકાય નહી અને તે ડિસકાર્ડ થવા પાત્ર છે. પ્રતિવાદીઓના સમર્થનમાં **રાણા ભરતસીંગ જસુભા વિરુધ્ધ વાલંદ લાલજીભાઈ અર્જનભાઈ જી.એલ.આર. વોલ્યુમ – ૫૫(૨) ૧૬૯૦** ના ચુકાદા માં પ્રતિપાદીત સિધ્ધાત ઉપર આધાર રાખેલ છે.

આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "Evidence contrary to pleading, held not permissible and can't be relied on. When the evidence which was laid, was in a different direction, it prejudice the case of appellant." આમ, પ્રતિવાદીના વિ. વ. શ્રી એ દલીલ કરેલ છે કે, વાદી ની જુબાનીના સરતપાસના સોગંદનામામાં આવેલ ઉપરોકત હકીકત પણ દયાને લઈ શકાય નહીં અને તે ડિસકાર્ડ થવા પાત્ર છે. હું આ ચુકાદામાં ઠરાવવામાં આવેલ સિધ્ધાત સાથે સમ્પૂર્ણપણે સમંત છુ. પરંતુ વાદીએ તેમના સરતપાસના સોગંદનામામાં આ જે હકીકત જણાવેલ છે તે પ્લીડીંગથી વિરોધાભાસી કે વિપરીત નથી અને આ હકીકત થી પ્રતિવાદીને કોઈ પ્રીજુડાઈસ થાય તેવું પણ જણાઈ આવતુ નથી. જેથી આ ચુકાદાના કેસની હકીકતો જુદી હોય હાલના સંજોગોમાં પુરેપુરી લાગુ પડતી નથી. જેથી વાદીના સરતપાસ ના સોંગદનામામાં જણાવેલ હકીકતો પણ ધ્યાને લઈ શકાય તેમ છે. આમ વાદી પોતાના સરતપાસ ના સોગદનામામાં તેમના પિતા દુર્લભભાઈ હરીભાઈ તથા પ્રતિવાદીઓના દાદા લાલા હરીભાઈએ સંયુકત રીતે દાવાવાળી મિલકત વંચાણે રાખેલ હોવાનુ જણાવી દાવાવાળી મિલકત તેમની વડીલોપાર્જિત મિલ્કત હોવાનુ સમર્થન કરે છે. વધુમાં વાદી પોતાની આંક–૩૩ ની ઉલટતપાસ માં પણ દાવાવાળી મિલકતમાં તેમનો તથા પ્રતિવાદીઓનો સંયુકત કબજો, વહીવટ હોવાનુ જણાવે છે. અને એવુ પણ જણાવે છે કે તેઓને દાવાવાળી મિલકતમાં શેરડીના પાકથી થયેલ આવકમાં તેમનો હિસ્સો મળતો હતો. વધુમાં તેઓ કબૂલ રાખે છે કે, તેમના પિતા હયાત હતા ત્યારે તેમને કયારેય પોતાનો ભાગ માંગવા કાર્યવાહી કરેલ નથી. જેથી પ્રતિવાદીના વિ.વ.શ્રી. એ એવી દલીલ કરેલ છે કે, ખરેખર વાદીના પિતાનો દાવાવાળી મિલકતમાં કોઈ હકક–હિસ્સો ન હતો, તેથી તેમને કોઈ હિસ્સાની માંગણી કરેલ નથી. પરંતુ પ્રતિવાદી તરફે આ દલીલ ગ્રાહય રાખી શકાય નહી કેમકે, વાદીના પિતાએ તેમનો હિસ્સો માંગેલ ન હોય માત્ર તેટલા કારણસર દાવાવાળી મિલ્કતના તેમનો હકક નથી તે કહી શકાય નહી. આમ, પ્રતિવાદી તરફે વાદીની વિસ્તાર પૂર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ તેઓ વિશેષ કોઈ હકીકત ઉલટતપાસમાં કઢાવી શકેલ નથી. વધુમાં, વાદીના વિ. વ. શ્રી એ એવી દલીલ કરેલ છે કે, પક્ષકારોના હકક તથા હિસ્સાઓ રેવન્યુ રેકર્ડ એન્ટ્રી આધારે નકકી કરી શકાય નહી. તેમજ એવીડન્સ એકટ કલમ–૧૧૪ મુજબ રેવન્યુ રેકર્ડસની એન્ટ્રી થી માલીકીની જાહેરાત કરી શકાય નહી. પ્રતિવાદીએ તે હકીકત માટે **જયંતિલાલ ત્રિભુવનદાસ**

**પટેલ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત રીપોર્ટેડ ઈન ૧૯૯૪(૨) જી.એલ.એચ. ૭૯ તથા સ્ટેટ ઓફ એચ.પી. વિરૂઘ્ધ કેશવરામ એ.આઈ.આર. ૧૯૯૭ એસ.સી. ૨૧૮૧** ના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. હું આ ચુકાદાઓમાં ઠરાવેલ સિઘ્ધાંત સાથે સંમ્પૂર્ણપણે સંમત છું પરંતુ 'આ ચુકાદાઓમાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ પક્ષકારોના મિલ્કતમાં હકક તથા હિસ્સા રેવન્યુ રેકર્ડના આધારે નકકી કરી શકાય નહીં પરંતુ આવી રેવન્યુ રેકર્ડ એન્ટ્રીઝ બાબતે કોર્ટે માની લેવાની છે કે તે સાચી છે અને બીજા પુરવાના અભાવમાં કોર્ટ આવી રેવન્યુ રેકર્ડ એન્ટ્રીઝનો આધાર લેવા માટે બંધાયેલ છે.' આમ, મારી સમક્ષના દાવામાં પણ વાદીઓ તથા પ્રતિવાદીઓના વડીલોએ દાવાવાળી મિલ્કત એક સાથે ખરીદેલ નહી હોવા બાબતે કોઈ અન્ય પુરવો રેકર્ડ ઉપર નથી જેથી આ કામે પણ રેવન્યુ રેકર્ડ માં કરવામાં આવેલ એન્ટ્રીઝ બાબતે શેલ પ્રિઝમશન હોવાના કારણે ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૭૯ દયાને લેતાં પણ આ હકીકત માની લેવામાં આવે છે કે, દાવાવાળી મિલ્કત બાબતે રેવન્યુ રેકર્ડસમાં કરવામાં આવેલ એન્ટ્રીઓ સાચી છે. અને આ ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત ના આધારે આ કામે રેવન્યુ રેકર્ડસ પર આધાર રાખી શકાય તેમ છે તેમજ કોર્ટ અન્ય પુરવાના અભાવમાં તે માની લેવા માટે બંધાયેલ પણ છે જેથી પ્રતિવાદીની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી. વધુમાં, આ કામે પ્ર તિવાદી પોતાની આંક–૧૩૭ ની ઉલટતપાસ માં કબુલ કરે છે કે, ' દાવાવાળી મિલ્કત વડીલો ઉપરથી બાપૂકી મિલ્કત છે.' વધુમાં, તેઓ એવું પણ કબુલ કરે છે કે, દાવાવાળી મિલ્કત તા.૧૧/૦૭/૧૯૨૧ ના રોજ વેચાણ લેવામાં આવેલ જે લાલા હરી તથા દુર્લભ હરીના નામે વેચાણ લેવામાં આવેલી. વધુમાં, તેઓ કબુલ રાખે છે કે, દાવાવાળી મિલ્કતનો આ ફેરફાર નોંધ નંબર– ૧૧૨ ના કારણે લાલા હરી તથા દુર્લભ હરીના નામો ૭/૧૨ માં માલીક કબજેદાર તરીકે હાજર થયેલા, વધુમાં તેઓ એવું પણ કબુલ રાખે છે કે, ' લાલા હરી તથા દુર્લભ હરી ગુજરી જતાં તેમના વારસના નામ દાવાવાળી મિલ્કતામાં વારસો તરીકે દાખલ થયેલ છે. ' અને તેઓ કબુલ રાખે છે કે, વારસાઈ વખતે તેઓએ કોઈ વાંધો લીધેલ નથી. વધુમાં, તેઓ એવું પણ કબુલ રાખે છે કે, ' ફેરફાર નોંધ નંબર–૧૦૩૦ દુર્લભ હરી ગુજરી જવાથી તેમના વારસો નું નામ દાખલ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ નોંધ સામે અમે રેવન્યુ અપીલ કરેલ નથી.' વધુમાં,આ કામે પ્રતિવાદી કબુલ રાખે છે કે, દુર્લભ હરીનું નામ ખોટી રીતે ૭/૧૨ માં ચાલી આવેલ છે તે બાબતે કોઈ કાર્યવાહી કોર્ટમાં કરેલ નથી. ' અને ' ફેરફાર નોંધ

નંબર–૧૦૩૦ તથા વેચાણ નોંધ નંબર–૧૧૮ આજદીન સુધી રદ થયેલ નથી.' આમ, પ્રતિવાદીઓએ જયારે જે તે વખતે કોઈ વાંધો લીધેલ નથી તો તેઓ ભારતય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ–૧૧૫ માં ઠરાવવમાં આવેલ એસ્ટોપલના સિધ્ધાંત થી પણ બંધાયેલ છે.

**૯.૧..** આમ, વાદીની જુબાનીથી દાવા અરજીને સમર્થન મળે છે સાથે સાથે પ્રતિવાદીની જુબાનીને પણ સંપૂર્ણ રીતે દયાને લેતા પ્રતિવાદી કબુલ રાખે છે કે, દાવાવાળી મિલ્કત લાલા હરી તથા દુર્લભ હરીના નામે વેચાણ લેવામાં આવેલી પરંતુ પ્રતિવાદીનું એવું પણ કથન છે કે, દાવાવાળી મિલ્કતમાં વાદીના વડીલ શ્રી દુર્લભ હરી એ કોઈ રકમ આપેલ નથી આમ, આ હકીકત બાબતે જોતા પ્રતિવાદીએ આ હકીકત પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર કોઈ પુરાવો રજુ કરેલ નથી. અને તેઓએ માત્ર તેમના જવાબ તથા જુબાનીમાં આ હકીકતો જણાવેલ છે પરંતુ ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈઓ દયાને લેતા કલમ– ૧૦૩ મુજબ 'કોઈ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઈરછતી હોય તેના ઉપર તે હકીકત ની સાબિતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઈ વ્યકિત ઉપર રહેશે એવી કોઈ કાયદાથી જોગવાઈ કરવામાં આવી હોય.' એટલે કે, આ હકીકત બાબતે ઓનસ પ્રતિવાદી ઉપર શીફટ થાય છે પરંતુ પ્રતિવાદી તે હકીકત પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે.

**૯.૨..** આમ, મૌખિક પુરવાને દસ્તાવેજી પુરાવા સાથે જોતા આંક–૩૭ તથા આંક–૩૮ થી દાવાવાળી મિલ્કતના ૮–અ તથા ૭/૧૨ નો ઉતારા રજુ છે જેમાં કબજેદાર તરીકે છનાભાઈ લાલાભાઈ એટલે કે, પ્રતિવાદી નં. ૧ ના પતિ તથા પ્રતિવાદી નં. ૨ થી ૪ ના પિતાનું નામ સાથે સાથે ઠાકોરભાઈ દુર્લભભાઈ એટલે કે, વાદીના નામ પણ ચાલી આવેલ છે. વધુમાં, આ કામે આંક–૪૪ થી આંક–૪૬ સુધી દાવાવાળી મિલ્કતના રેવન્યુ મહેસુલ ભર્યા અંગેની પાવતીઓ રજુ છે. જેમાં દાવાવાળી મિલ્કતના ખાતેદાર તરીકે વાદી ઠાકોરભાઈ દુર્લભભાઈ નુ નામ છે તેજ રીતે આંક–૧ ૫૦ થી આંક–૧૬૭ સુધી ની પાવતીઓમાં દાવાવાળી મિલ્કતના ખાતેદાર તરીકે પ્ર તિવાદીઓના પિતા છનાભાઈ તથા લાલાભાઈ નુ નામ ચાલી આવેલ છે. તે સિવાય અન્ય દસ્તાવેજી પુરાવાઓ જોતા આંક–૪૮ થી દાવાવાળી મિલ્કતનુ એકત્રીકરણ

તખ્તો રજુ છે. તેમાં દાવાવાળી મિલ્કતના માલીક છનાભાઈ લાલાભાઈ તથા દુર્લભભાઈ હરીભાઈ બંન્ને દર્શાવવામાં આવેલ છે. તે જ રીતે આંક–૪૯ થી આંક–૧૦૫ સુધી દાવાવાળી મિલ્કતની મહેસુલ ભર્યા અંગેની પાવતીઓ છે. જે તમામ પાવતીઓ વાદીઓના નામ ની છે. વધુમાં, આ કામે પ્રતિવાદીઓ તરફે રજુ દસ્તાવેજો જોતા આંક–૧૪૦ થી આંક–૧૪૬ સુધી રજુ રેવન્યુ રેકર્ડમાં દાવાવાળી મિલ્કતના કબજેદાર તરીકે આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ બંન્ને નુ નામ દર્શાવેલ છે. આમ, ઉપરોકત પુરાવાથી તેમજ આંક–૧૧૭ થી રજુ મટવાડ ગામ ના ગામ નમૂના નંબર– ૬ હકક પત્રક ની નોંધ નંબર–૧૧૮ જોતા તેનાથી વાદીઓની હકીકત કે તા.૧૧ /૦૭/૧૯૨૭ ના રોજ લાલાભાઈ હરીભાઈ તથા દુર્લભભાઈ હરીભાઈ એ જોગી ગાંડા, ભીખા ગાંડા, તથા લલ્લુ ગાંડા પાસેથી રૂ. ૯૩૧/– માં દાવાવાળી મિલ્કત વેચાણ રાખેલ હતી. અને આ નોંધ અત્યાર સુધી પડકારવામાં આવેલ નથી કે રદ થયેલ નથી. જેથી ભારતીય પુરાવા અધિનિયમ–૧૮૭૨ ની કલમ– ૭૯ મુજબ રેવન્યુ રેકર્ડસ ની એન્ટ્રિ બાબતે પણ આ હકીકત માની લેવામાં આવે છે કે, દાવાવાળી મિલ્કત બાબતે રેવન્યુ રેકર્ડસમાં કરવામાં આવેલ એન્ટ્રીઓ સાચી છે. વધુમાં, આ હકીકતનો પ્ર તિવાદીઓએ કોઈ પુરવાથી ખંડન કરેલ નથી કે, આ નોંધ ખોટીરીતે પડેલ હતી. પરંતુ આ કામે પ્રતિવાદીઓનું કથન છે કે, દાવાવાળી મિલ્કત તેમના પિતા લાલા હરીએ તથા વાદીઓના પિતા દુર્લભ હરીએ સાથે ખરીદેલી. પરંતુ વાદીઓના પિતા પાસે નાણાં ન હોવાના કારણે પ્રતિવાદીઓના પિતાએ વેચાણ અવેજની તમામ રકમ ચૂકવેલી. પરંતુ આ હકીકત પુરવાર કરવા માટે પ્રતિવાદીઓ એ માત્ર કથન કરેલ છે અને કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. આમ, અગાઉ કરવામાં આવેલી ચર્ચા મુજબ પ્ર તિવાદીઓએ આ હકીકત સાબિત કરવી જોઈતી હતી પરંતુ તેઓ તે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**૯.૩..** જયારે કે, તમામ દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓથી દાવાવાળી મિલ્કત વાદીઓ તથા પ્રતિવાદીઓના વડીલ દુર્લભ હરી અને લાલા હરી એ સાથે વેચાણ રાખેલ હોય દાવાવાળી મિલ્કત વાદીઓ તથા પ્રતિવાદીઓની વડીલોપાર્જીત મિલ્કત હોવાનું તેમજ આ મિલ્કતમાં વાદીઓનો પણ અડધો હિસ્સો હોવાનું પુરવાર થતું હોય મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપુ છું.

**<u>મુદ્દા નંબર– ૨ તથા ૩ :–</u>**

**૧૦..** મુદ્દા નં. ૨ તથા ૩ કાયદા અને હકીકતના પ્રશ્ન ઉપર એકસાથે સંકળાયેલા હોય આ બંન્ને મુદ્દાઓના નિર્ણયના કારણો એકસાથે આપવામાં આવે છે. આ મુદ્દાઓ જોતા તે પુરવાર કરવાનો બોજો વાદી ઉપર છે. તે બાબતે આ કામે અગાઉ મુદ્દા નં. ૧ માં કરવામાં ચર્ચા મુજબ દાવાવાળી મિલ્કત આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના પિતા દુર્લભ હરી અને લાલા હરી એ સંયુકત રીતે વેચાણ રાખેલ હતી તો તેવા સંજોગોમાં તે બંન્નેના પિતાનું અવસાન થતાં હાલમાં દાવાવાળી મિલ્કતના વાદીઓ તથા પ્રતિવાદીઓ સંયુકત રીતે માલીક છે. જેથી વાદીઓ દાવાવાળી મિલ્કતમાંથી પોતાનો હિસ્સો મેળવવા હકકદાર છે.

**૧૦.૧..** વધુમાં, જયારે દાવાવાળી મિલ્કતમાં વાદીઓનો પણ અડધો હિસ્સો હોયતો તેઓ તેમના હિસ્સાની અડધી મિલ્કત મેળવવા હકકદાર બને છે. અને જેથી દાવાવાળી મિલ્કતનો હદેહદથી અડધો હિસ્સો આ કામના વાદીઓ સરખા પ્રમાણમાં મેળવવા હકકદાર હોવાનું વાદીઓ એ પુરવાર કરેલ હોય મુદ્દા નં. ૨ તથા ૩ નો જવાબ હકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં. ૪ તથા ૫:–</u>**

**૧૧..** મુદ્દા નં. ૪ તથા ૫ કાયદા અને હકીકતના પ્રશ્ન ઉપર એકસાથે સંકળાયેલા હોય આ બંન્ને મુદ્દાઓના નિર્ણયના કારણો એકસાથે આપવામાં આવે છે. આ કામે વાદીઓનો દાવો મુદત બાહર છે કે કેમ તે બાબતે જોતા પ્રતિવાદીના વિ.વ.શ્રી ની એવી રજુઆત છે કે, વાદીઓના પિતા જયારે ગુજરી ગયા ત્યારે તમામ વાદીઓ પુખ્તવયના હતા અને વાદીઓએ પાર્ટીશન માટે હાલનો દાવો દાખલ કરેલ છે. અને લીમીટેશન એકટમાં પાર્ટીશન ના દાવા માટે કોઈ લીમીટેશન દર્શાવેલ નથી જેથી તેના માટે ત્રણ વર્ષનો પીરીયડ ઓફ લીમીટેશન ગણાય. આમ, વાદીએ તેમની ઉલટતપાસમા જણાવેલ છે કે, તેમના પિતા સને ૧૯૭૭ ની સાલમાં ગુજરી ગયેલા અને ત્યારે તેમની ઉંમર ૩૩ વર્ષ ની હતી. આમ, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોય તેમનો દાવો રદ થવા પાત્ર છે તેવી દલીલ કરેલ છે.

**૧૧.૧..** પરંતુ આ કામે **વિદ્યાદેવી વિરુઘ્ધ પ્રેમપ્રકાશ ૧૯૯૫ (૪) એસ.સી.સી. ૪૯૬, તથા ગોવિંદમાલ વિરુઘ્ધ આર.પેરુમલ એ.આઈ.આર. ૨૦૦૭ એસ.સી. ૨૦૪** ના ચુકાદાઓમાં માનનીય સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિઘ્ધાત મુજબ **" Right to sue for a partition is a continuing right. Legislation has not prescribed any period of limitation for filing a suit for partition there is always a running cause of action for seeking partition by one of the co-sharers if and when he decides not to keep his shares joint with other co-sharers"** આમ, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિઘ્ધાત મુજબ આ કામના વાદીઓ દાવાવાળી મિલ્કતમાંથી કોઈ પણ સમયે પોતાનો હિસ્સો મેળવવા દાવો દાખલ કરી શકે છે અને તેમનુ કોઝ ઓફ એકશન ત્યારથી શરુ થાય છે. વાદીઓએ દાવા અરજીના પેરા નં. ૩ માં સ્પષ્ટ પણે જણાવેલ છે કે, તા.૧૨/૦૨/૨૦૦૬ ના રોજ વાદીઓએ પ્રતિવાદીઓને દાવાવાળી મિલ્કતનું હદેહદથી વિભાજન કરી તેમને તેમનો હિસ્સો આપી દેવાનું જણાવેલ પરંતુ પ્રતિવાદીઓએ તેમને હિસ્સો આપવાની ના પાડેલી. જેથી વાદીઓએ પ્રતિવાદીઓને આ બાબતે તા.૨૮/૧૨/૨૦૦૫ ના રોજ વકીલ મારફતે આંક– ૩૯ વાળી નોટીશ આપેલી. અને તે નોટીશ મળ્યા બદલની પોસ્ટની એકનોલેજમેન્ટજી અસલ પાવતી પણ આંમ–૪૦ થી આંક–૪૩ સુધી રજુ છે. પરંતુ પ્રતિવાદીઓએ તે નોટીશ પ્રમાણે વર્તેલ ન હોઈ વાદીઓએ હાલનો દાવો તા.૦૧/૦૩/૨૦૦૬ ના રોજ દાખલ કરેલ છે. જેથી વાદીનો દાવો સમય મર્યાદામાંજ હોવાનું જણાઈ આવે છે. વધુમાં, જયાં સુધી લેચીઝ અને એસ્ટોપલના બાધ નો પ્રશ્ન છે તો પ્રતિવાદીઓએ તેમના લેખિત જવાબ માં માત્ર એવું કથન કરેલ છે કે, વાદીના દાવાને લેચીઝ અને એસ્ટોપલનો બાધ છે પરંતુ તેવી કોઈ હકીકત તે રેકર્ડ ઉપર લાવેલ નથી. જેથી મુદ્દા નં. ૪ તથા ૫ નો જવાબ નકારમાં આપુ છું.

**મુદ્દા નં. ૬: –**

**૧૨..** આ મુદ્દો પુરવાર કરવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર છે. પ્રતિવાદીઓ સબબ મુદ્દો પુરવાર કરવા માટે પોતાના લેખિત જવાબમાં સને ૧૯૨૭થી તથા ત્યારબાદ થઈ આવેલ સને ૧૯૩૭–૧૯૩૮ ની જાહેરાતથી દાવાવાળી મિલ્કતના કાયદેસરના માલીક કબજેદાર તરીકે પ્રતિવાદીઓના પૂર્વજ અને ત્યારબાદ પ્રતિવાદીઓ ચાલી આવેલ હોવાનુ જણાવે છે. આ હકીકતને તેઓ પોતાના આંક–૧૩૭ ના સરતપાસના સોગંદનામામાં પણ સમર્થન આપે છે. વધુમાં, પ્રતિવાદીઓનું કથન છે કે, સને ૧૯૩૮ બાદ સતત એકધારી રીતે દાવાવાળી મિલ્કતના માલીક કબજેદાર લાલાભાઈ મિસ્ત્રી હતા અને તેમના અવસાન બાદ છનાભાઈ મિસ્ત્રી અને તેમના અવસાન બાદ પ્રતિવાદીઓના તમામની જાણમાં કબજો ચાલી આવેલ છે. અને તે હકીકતના સમર્થનમાં પ્રતિવાદીઓએ આંક–૧૭ ના લીસ્ટથી તેમનો પુરાવો પણ રજુ કરેલ છે, પરંતુ અગાઉ કરવામાં આવેલ ચર્ચા તથા પ્રતિવાદી તરફે રજુ પુરાવો દયાને લેતા આંક–૧૪૦ થી રજુ મટવાડ ગામનું રેવન્યુ રેકર્ડ નોંધ નં. ૧૦૨૫ ની ખરી નકલ જોતાં તેમાં દાવાવાળી મિલ્કતના કબજેદાર તરીકે લાલાભાઈ તથા દુર્લભભાઈ અને છનાભાઈનું નામ દર્શાવેલ છે. વધુમાં, આંક–૧૪૨ થી આંક–૧૪૬ સુધી રજુ દસ્તાવેજી પુરાવાઓ જોતા તેમાં પણ વાદીઓના પિતાની અને તેમના અવસાન પછી આ કામના વાદીઓની નામ કબજેદાર તરીકે ચાલી આવેલ છે. વધુમાં, આ તમામ ખરી નકલો સને ૧૯૩૭–૩૮ પછી ની છે. જેથી, દાવાવાળી મિલ્કતનો કબજો વાદીઓ તથા પ્રતિવાદીઓ બંન્ને પાસે હોવાનું દસ્તાવેજી પુરાવાઓ થી સ્પષ્ટ થાય છે. આમ, આ રેવન્યુ રેકર્ડસની એન્ટ્રી બાબતે ભારતયી પુરવા અધિનિયમ ની કલમ–૭૯ મુજબ અગાઉ કરવામાં આવેલ ચર્ચા પ્રમાણે એવી ધારણા થાય છે કે, તે સાચી છે.

**૧૨.૧..** વધુમાં, આ કામે પ્રતિવાદીઓએ આંક–૧૪૭થી ત.ક.મંત્રી મટવાડનો દાખલો રજુ કરેલ છે અને જે દાખલાના આધારે તેઓ એવું જણાવે છે કે, દાવાવાળી મિલ્કતના કબજેદાર તેઓ છે. પરંતુ જો આંક–૧૪૭ થી રજુ દાખલો જોવામાં આવે તો તેમાં ' આથી ત.ક.મંત્રી, મટવાડ, તા.ગણદેવી જિ.નવસારી તરફથી દાખલો આપવામાં આવે છે કે, મટવાડ ગામે રેવન્યુ ખાતાનં. ૭૫ થી છનાભાઈ લાલાભાઈ મીસ્ત્રી વિગેરેના નામે ચાલી આવેલ હોય જે ખાતાની જમીન મહેસુલ

છનાભાઈ લાલાભાઈ પોતે ભરતા આવેલ હતાં તેમના ગુજરી જવાથી જમીન મહેસુલ તેમના પુત્ર જયંતિભાઈ છનાભાઈ ભરતા આવેલા છે. જે હકીકત દફતરે ચકાસી આપવામાં આવે છે તે જમીનનો હાલમાં પણ કબજો તથા ભોગવટો જયંતિભાઈ પાસે છે. ' આ દાખલો તલાટીએ તા.૨૯/૦૬/૨૦૦૬ ના રોજ આ કામના પ્રતિવાદીએ આપેલો. પરંતુ આ દાખલા ને સંપૂર્ણ રીતે જોતા ત.ક.મંત્રીએ તે દાખલો મહેસુલ ભર્યાના આધારે આપેલ છે. અને માત્ર મહેસુલ ભર્યાથી કબજો નિર્ધારીત કરી શકાય નહીં. વધુમાં, દાવાવાળી મિલ્કત અંગે મહેસુલ ભર્યાની પાવતીઓ વાદી તરફે પણ રજુ કરવામાં આવેલી છે. તેમ છતાં, જો ત.ક.મંત્રીના દાખલાને એકવાર માની પણ લેવામાં આવે તો તેનાથી તે હકીકત પુરવાર થતી નથી કે દાવાવાળી મિલ્કતનો સને ૧૯૩૭–૩૮ થી કબજો પ્રતિવાદીઓ પાસે છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ પ્રતિવાદીઓ મુદ્દા નં. ૬ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૬ નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં. ૭:–</u>**

**૧૩..** આ મુદ્દો સાબિત કબવાનો બોજો પ્રતિવાદીઓ ઉપર છે. પ્રતિવાદીઓનું કથન છે કે, દાવાવાળી મિલ્કતની અવેજની રકમ લાલાભાઈ હરીભાઈ એકલાએજ ચૂકવેલ હોય દાવાવાળી મિલ્કત માત્ર તેમની માલીકીની જ હતી પરંતુ આ હકીકત પુરવાર કરવા માટે પ્રતિવાદીઓએ કોઈ ઠોસ દાર્શનિક પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, અગાઉ કરવામાં આવેલ ચર્ચા મુજબ દાવાવાળી મિલ્કત તા.૧૧/૦૭/૧૯૨૭ ના રોજ લાલા હરી તથા દુર્લભ હરીના નામે વેચાણ લેવામાં આવેલ તેવું પ્રતિવાદીએ પોતે તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે, તેમજ દાવાવાળી મિલ્કતમાં પડેલ વારસાઈ નોંધો અંગે પણ તેમને કોઈ વાંધો લીધેલ નહી હોવાનુ તેઓ કબુલ રાખે છે. આમ, દાવાવાળી મિલ્કત બાબતે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પરથી દાવાવાળી મિલ્કતના માલીક કબજેદાર લાલા હરી તથા દુર્લભ હરી બંન્ને હોવાનું પુરવાર થાય છે. જેની અગાઉ મુદ્દા નં. ૧ માં વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ છે. જેથી પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી તેની ફરીથી ચર્ચા કરવામાં આવતી નથી પરંતુ આ મુદ્દા અંગે આંક–૧૧૭ થી રજુ મટવાડ ગામની ગામ નમૂના નં. ૬ હકક પત્રક ની નોંધ નં. ૧૧૮ મહત્વની છે. જેથી તે નોંધ જોતા ' દાવાવાળી મિલ્કત તા.૧૧/૦૭/૧૯૨૭ ના

રોજ લાલા હરી તથા દુર્લભ હરીએ જોગી ગાંડા, લખુ ગાંડા તથા ભીખા ગાંડા પાસેથી રૂ. ૯૩૧/– માં વેચાણ રાખેલ ' હોવાનું ઉલ્લેખ છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ દાવાવાળી મિલ્કત લાલા હરી તથા દુર્લભ હરીની સંયુકત માલીકીનું હોવાનુ સ્પષ્ટ થાય છે જેથી પ્રતિવાદીઓ મુદ્દા નં. ૭ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં. ૭ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૮ નો નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) વાદીઓનો દાવો આથી મંજુર કરવામાં આવે છે. વાદીઓને મટવાડ ગામે ખાતા નં. ૭૫, બ્લોક નં. ૨૧૭ ની ૧–૧૮–૩૭ હે.આરે.પ્રતિઆરે. ની અડધી યાને કે ૧/૨ ની જમીનનો હિસ્સો સરખા પ્રમાણમાં હદેહદથી અલગ છુટો પાડી પ્રત્યક્ષ કબજો આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વાદીઓને દાવાના ખર્ચ પેટે રૂ. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા/–) પ્રતિવાદીઓએ ચૂકવવો. તથા પ્રતિવાદીઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩) હુકમ મુજબ પ્રાથમિક હુકમનામુ દોરવુ. સદર હુકમનામાની નકલ કલેકટરશ્રી, નવસારીને યોગ્ય કાર્યવાહી કરવા મોકલવી.

આ હુકમ આજ તારીખ : ૨૫ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૬ નાં રોજ ગણદેવી મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**( ચાંદની વાય. વ્યાસ )**
એડીશનલ સિવિલ જજ,
ગણદેવી –**જીજે.૦૧૦૪૯**

ગણદેવી.
૨૫/૦૧/૨૦૧૬.